મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે **O.B.M.** (આઉટબોર્ડ મોટર) એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર સહાય બાબત યોજનાની શરતો અને બોલીઓ બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0112/T**

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:-</u>

(૧) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/0314/12/2025, તા.૦૨/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/0041/03/2026, તા.૦૯/૦૩/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

ગુજરાત રાજ્યમાં આવેલ તળાવો, ડેમો અને વિવિધ જળાશયોમાં માછીમારી કરતા પરંપરાગત માછીમારોને આધુનિક, ટકાઉ, સુરક્ષિત અને કાર્યક્ષમ માધ્યમો ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય હેતુ ધ્યાનમાં રાખીને "એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર સહાય યોજના" રજૂ કરવામાં આવી

રહી છે. રાજ્યના વિવિધ ભાગોમાં આજેય મોટા પ્રમાણમાં લાકડાની હોડીઓ તથા હસ્તચાલિત હોડીઓનો ઉપયોગ થતો હોય છે, જેના કારણે ઉત્પાદન, સુરક્ષા અને સમયબદ્ધ કામગીરીમાં મોટી અકાર્યક્ષમતા જોવા મળે છે. ફાઈબર રેઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક (એફ.આર.પી.) હોડીઓ આધુનિક માછીમારી માટે વધુ યોગ્ય સાબિત થાય છે કારણ કે તે જંકપ્રૂફ, હળવી, મજબૂત, ટકાઉ અને ઓછી જાળવણીવાળી હોય છે. એન્જિનવાળી હોડી (એફ.આર.પી.) માછીમારોને વધુ વિસ્તાર કવર કરવાની ક્ષમતા આપે છે, માછીમારીના સમયને ઘટાડે છે, વધુ પ્રોડક્ટિવિટીને પ્રોત્સાહન આપે છે અને માછીમારોને જોખમમુક્ત રીતે કાર્ય કરવાની સુવિધા આપે છે. પ્રોજેક્ટનો મુખ્ય હેતુ રાજ્યના સર્વાંગી માછીમારી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે, જેથી જળાશયોમાં ઉપલબ્ધ સંસાધનોનો વૈજ્ઞાનિક અને ટકાઉ ઉપયોગ થઈ શકે, ઉત્પાદન વધે અને માછીમારોની આવકમાં નોંધપાત્ર વધારો થાય. સાથે સાથે, મશીનાઈઝેશન દ્વારા ઓછા માનવશક્તિથી વધુ કામગીરી કરવા સક્ષમતામાં વધારો થાય છે, જે યુવા માછીમારોને આ ક્ષેત્ર તરફ આકર્ષે છે. આ યોજનાનો મુખ્ય કેન્દ્રબિંદુ એ છે કે સરકાર દ્વારા હોડી અને ઓબીએમ એન્જિનની કુલ કિંમતમાં નોંધપાત્ર સહાય પૂરી પાડવામાં આવશે, જેથી આર્થિક રીતે નબળા માછીમારો પણ આધુનિક સાધનો ખરીદી શકે. વધુમાં, હોડી (એફ.આર.પી.) અને ઓબીએમ (આઉટબોર્ડ મોટર) એન્જિનની કિંમત બજારમાં વધતી હોવાથી સુધારેલા દરો આધારે વિગતવાર અંદાજ રજૂ કરવામાં આવે છે. રાજ્યના જળાશયોમાં માછીમારી વિકાસને ગતિ આપવા, સુરક્ષા વધારવા, ઉત્પાદન વધારવા અને માછીમારોની આવકમાં વધારો લાવવા માટે આ યોજના અત્યંત અસરકારક અને જરૂરી છે. આ પ્રોજેક્ટ માત્ર આર્થિક વિકાસ જ નહીં પરંતુ સામાજિક વિકાસ, ટકાઉ જળસંસાધન વ્યવસ્થાપન અને આધુનિક માછીમારી પ્રથાઓને મુખ્ય ધારા સાથે જોડવાનો એક વ્યાપક પગલું છે. આ હેતુથી આ યોજનાને અમલમાં લાવવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમ - (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી "આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે O.B.M. (આઉટબોર્ડ મોટર) એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર સહાય"ની યોજના હેઠળ કુલ રૂ.૦.૨૦/- કરોડની બજેટ જોગવાઈની સૈધ્ધાંતિક મંજૂરી મેળવવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી

જેને નાણાં વિભાગે કુલ રૂ.૦.૨૦/- કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ હતી.

ઉપર વંચાણે લીધેલ ક્રમ - (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી ઉક્ત નવી બાબતને કુલ રૂ.૦.૨૦/- કરોડની વહીવટી મંજૂરી આપવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

વિચારણાને અંતે, રાજય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે O.B.M. (આઉટબોર્ડ મોટર) એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર સહાય" ની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

**શરતો:-**

૧. આ યોજના ગુજરાત રાજયના તમામ જીલ્લાઓમાં લાગુ કરવાની રહેશે.

૨. જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવેલ છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર તથા લાઈફ સેવીંગ એપ્લાયંસના સાધનોની ખરીદી કરવાની રહેશે.

૪. તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર યુનીટ કોસ્ટ રૂ.૨.૦૦/- લાખ રહેશે.

૫. સહાય માટે SC/ST/women માટે યુનિટ કોસ્ટના ૬૦% અને General કેટેગરી માટે યુનિટ કોસ્ટના ૪૦% અથવા SC/ST/women માટે કરેલ ખર્ચના ૬૦% અને General કેટેગરી માટે કરેલ ખર્ચના ૪૦% બન્નેમાંથી જે ઓછુ હોય તે તથા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી/FFPO/સ્વસહાય જુથને યુનિટ કોસ્ટના ૫૦% મળવાપાત્ર રહેશે.

૬. અરજદારે GST નંબર ધરાવતા પાકા બિલ રજુ કરવાના રહેશે.

૭. આ યોજના હેઠળ ખરીદાયેલ એફ.આર.પી. બોટ નો ઉપયોગ મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે જ


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

કરવાનો રહેશે. બોટની બોટફેરી, સહેલગાહ વિ. માટે (મત્સ્યબીજ/માછલી હેરફેર કે અન્ય મત્સ્ય પ્રવ્રુતિ સિવાય) ઉપયોગમાં લઈ શકાશે નહિ.

૮. ગુજરાત મત્સ્યોધોગ કાયદો-૨૦૦૩ મુજબ બોટ રજીસ્ટ્રેશન અને ફીશીંગ લાયસન્સ મેળવવાનું રહેશે.

૯. આ યોજના હેઠળ ખરીદાયેલ એફ.આર.પી. બોટ જાહેર હિતમાં સ્થાનિક કચેરી તરફથી જરૂરીયાતના સમયે માંગણી કરવામાં આવે ત્યારે વિના વિલંબે સેવા પુરી પાડવાની લેખિત બાંહેધરી આપવાની રહેશે.

૧૦. આ યોજના તળે ખરીદાયેલ બોટ પર મોટા અને સુવાચ્ય અક્ષરે "મત્સ્યોધોગ ખાતાની સહાયથી" અને ખરીદીનુ વર્ષ લખવાનુ રહેશે. જેની ખરાઈ સ્થાનિક કચેરીના વડાએ કરવાની રહેશે.

૧૧. ઈજારદાર મંડળીએ તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપરની ખરીદી કર્યેથી જ યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

૧૨. લાભાર્થી મંડળીએ બોટ ખરીદવા માટે સૌપ્રથમ I-KHEDUT પોર્ટલ ઉપર અરજી કરી જિલ્લા અધિકારીની સૈધ્ધાંતિક મંજુરી મેળવવાની રહેશે. જિલ્લા અધિકારીએ ભૌતિક ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનુ રહેશે અને સહાય મંજુર કરવાની સત્તા વિભાગીય વડાની રહેશે.

૧૩. લાભાર્થીને સહાયનું ચુકવણુ ડાઈરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થી કરવાનુ રહેશે

૧૪. તળાવો તથા જળાશયોમાં માછીમારી માટે એન્જિન સાથેની ફાઈબર હોડી ઉપર દર ૩ વર્ષ બાદ સહાય ફરીથી મળવાપાત્ર રહેશે.

૧૫. અરજદારે એન્જિન સાથેની ફાઈબર હોડીની ખરીદી કર્યા બાદની Geo Tagging સાથેની ફોટોગ્રાફી કરવાની રહેશે.

૧૬. સરકારશ્રી તરફથી વખતોવખત જે બોલીઓ અને શરતોમાં સુધારો કે વધારો કરવામાં આવે તો તે સંબધિત લાભાર્થીને બંધનકર્તા રહેશે.

૧૭. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજનાનો ખર્ચ નીચેના સદરે કરવાનો રહેશે.

માંગણી નંબરઃ- ૦૬

સેકટરઃ- (ગ) આર્થિક સેવાઓ

સબ-સેકટરઃ- (ક) કૃષિ સંલગ્ન પ્રવુતિઓ

મુખ્ય સદરઃ- ૨૪૦૫ -મત્સ્યોદ્યોગ

ગૌણ સદરઃ- ૧૦૧- આંતરદેશીય મત્સ્યોદ્યોગ

પેટા સદરઃ- (૦૨), એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને મત્સ્યોદ્યોગના સાધનો વધારવા

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ-ફાઇલ પર અ.મુ.સચિવશ્રી (નાણાં) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ક્રિનલ જાની )

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલ, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અ.મુ.સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ )કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઈ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ.

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) IT શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2026.04.02
10:38:27 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign